# નેપાળના સંસદમાં નરેન્દ્ર મોદીનું ઐતિહાસિક સંબોધન

કાઠમંડુ,તા. ૩

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે નેપાળી સંસદમાં ઐતિહાસિક સંબોધન કર્યું હતું અને આ સંબોધનમાં મોદીએ નેપાળ સાથે સંબંધોને નવી ઉંચાઈ ઉપર લઈ જવા અને નેપાળને તમામ ક્ષેત્રોમાં મદદ કરવાની ખાતરી આપી હતી. નેપાળી સંસદને સંબોધતા મોદીએ ૧૦ હજાર કરોડ નેપાળી રૂપિયાની મદદની પણ જાહેરાત કરી હતી. સાથે સાથે નેપાળમાં પ્રવાસને પ્રોત્સાહન આપવાની વાત કરી હતી. બોર્ડર બેરિયર નહીં પણ બ્રિજ બને તેઓ અભિપ્રાય નરેન્દ્ર મોદીએ વ્યકત કર્યો હતો. નેપાળના વિદ્યાર્થીઓને વધુ સ્કોરશીપ ઉપલબ્ધ કરાવવાની પણ તેઓએ વાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, ભારત નેપાળે નવી ઉંચાઈ પર જોવા ઈચ્છુક છે. નેપાળના વિદ્યાર્થીઓને તમામ લાભ ઉઠાવવાની મોદીએ સ્પષ્ટરીતે અપીલ કરી હતી. નેપાળી સંસદ દ્વારા મોદીના ભાષણ બાદ આભાર પ્રસ્તાવ પસાર કર્યો હતો. નેપાળને ૧૦૦૦૦ કરોડ નેપાળી રૂપિયાની મદદની જાહેરાત કરતા તેમણે કહ્યું હતું કે, આ રકમ જુની રકમ કરતા અલગ રહેશે. શિક્ષણ અને રમત-ગમતના ક્ષેત્રે મદદ કરવાની મોદીએ વાત કરી હતી. ભારતે એક શાર્કસેટેલાઈટ લોંચ કરશે. બંને દેશ ઓછા ખર્ચમાં મોબાઈલ ઉપર વાત કરી શકે તેના ઉપર ભાર મુક્યો હતો. તેમણે હળવાશના મુડમાં કહ્યું હતું કે, અમેરિકા વાત કરવામાં ઓછો ખર્ચ થાય છે પરંતુ નેપાળ વાત કરવામાં વધુ રકમ ખર્ચ કરવી પડે છે. આ બાબત ભારે આશ્ચર્ય જગાવે છે. ભારત અને નેપાળની સરહદ વિકાસનો રસ્તો બને તે રીતે વાઈબ્રન્ટ બને તે અતિ જરૂરી છે. નેપાળને હિટની જરૂર હોવાની વાત તેમણે કરી હતી. હિટના સંદર્ભમાં સ્પષ્ટતા કરતા મોદીએ કહ્યું હતું કે, નેપાળને હાઈવે, આઈવે અને ટ્રાઈવેની જરૂર છે. એચ એટલે હાઈવે, આઈ એટલે ઈન્ફર્મેશન ટેકનોલોજી અને ટી એટલે ટ્રાન્સમિશન લાઈનની નેપાળને જરૂર છે.

પ્રવાસને પ્રોત્સાહન આપવા ભારત કટિબદ્ધ હોવાની તેમણે વાત કરી હતી. નેપાળ ટ્યુરિઝમના ક્ષેત્રમાં ઝડપથી આગળ વધે તે જરૂરી છે. કારણ કે, ભારતથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ પહોંચે છે. નેપાળ હર્બલ મેડિસીન માટે સૌથી મોટા દેશ તરીકે ઉભરે તે જરૂરી છે. નેપાળના યુવાનો ચિત્રને બદલવાની શક્તિ ધરાવે છે. નેપાળ પાસે વિપુલ પ્રમાણમાં પાણીનો જથ્થો હોવાથી વિજળીના ક્ષેત્રમાં પણ ભારત સહિતના ઘણા દેશોમાં અંધકારને દૂર કરી શકે છે. અમે નેપાળ પાસેથી વિજળી અને પાણી ખરીદવા માટે ઈચ્છુક છે. નેપાળની કોઈપણ સમસ્યા ભારતની સમસ્યા છે. નેપાળના બંધારણની વાત કરતા મોદીએ કહ્યું હતું કે, બંધારણ આવનાર પેઢીઓ માટે રહે તે જરૂરી છે. ભારતનું કામ નેપાળની કામગીરીમાં દખલગીરી કરવાનું નથી. નેપાળના સામાજિક આર્થિક વિકાસમાં મદદ કરવાની મોદીએ ખાતરી આપી હતી. વાતચીત કરવા કરતા નિર્ણયોને અમલી બનાવવાની તેમણે વાત કરી હતી.

## નેપાળમાં મોદીનું શાનદાર અને ઐતિહાસિક સ્વાગત

કાઠમંડુ, તા. ૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સવારે આશરે નવ વાગે નેપાળની પ્રથમ યાત્રા માટે કાઠમંડુ જવા રવાના થયા હતા અને મોદી ખાસ વિમાન



મારફતે ૧૦.૪૫ વાગે પહોંચી ગયા હતા. નેપાળ પહોંચ્યા બાદ નરેન્દ્ર મોદીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. નેપાળમાં પહોંચ્યા બાદ વડાપ્રધાને તેમના નેપાળી સમકક્ષ સુશીલ કોઈરાલા સાથે જુદા જુદા મુદ્દાઓ ઉપર વાતચીત કરી હતી. વેપાર, મૂડીરોકાણ, હાઈડ્રોપાવર અને કૃષિ જેવા ચાવીરૂપ સેક્ટરમાં દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવાના પ્રશ્નો ઉપર ચર્ચા કરી હતી.

મોદી સિંઘા દરબાર સચિવાલય ખાતે કોઈરાલાને મળ્યા હતા. બંને નેતાઓએ પારસ્પરિક સંબંધોને મજબૂત કરવાના મુદ્દે ચર્ચા કરી હતી. છેલ્લા ૧૭ વર્ષમાં નેપાળી મુલાકાત લેનાર નરેન્દ્ર મોદી પ્રથમ વડાપ્રધાન બન્યા હતા. ત્રિભુવન આંતરરાષ્ટ્રીય વિમાની મથકે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રોટોકોલની અવગણના કરીને નેપાળી વડાપ્રધાન વિમાની મથકે પહોંચ્યા હતા. નાયબ વડાપ્રધાન બામદેવ ગૌત્તમ અને પ્રકાશ માનસિંહ પણ ઉપસ્થિતિ રહ્યા હતા. મોદી બે દિવસની યાત્રાએ પહોંચ્યા બાદ લાંબી વાતચીત થઈ હતી. નેપાળની નરેન્દ્ર મોદીની યાત્રાને લઈને તમામ લોકોની નજર પહેલાથી જ હતી. ૨૫મી અને ૨૭મી જુલાઈના દિવસે ભારતના વિદેશમંત્રી સુષ્મા સ્વરાજે પણ નેપાળની યાત્રા કરી હતી. બંને નેતાઓ વચ્ચે વાતચીત થયા બાદ બંને દેશો વચ્ચે પ્રતિનિધિસ્તરની વાતચીત પણ થઈ હતી. નેપાળમાં વિકાસને પ્રોત્સાહન આપવાની વિશેષ વાત કરાઈ હતી.

**પાંચમીએ ક્રેડિટ પોલીસી સમીક્ષા**

## વ્યાજદરમાં નજીવી રાહત મળવા કંપનીઓને આશા

નવી દિલ્હી,તા. ૩

આરબીઆઈની ક્રેડિટ પોલિસી સમીક્ષા પાંચમી ઓગસ્ટના દિવસે જારી કરવામાં આવનાર છે. જુલાઈના છેલ્લા સપ્તાહમાં ૧૮૧ કોર્પોરેટ લીડરો પૈકીના ૫૭ ટકા લીડરોએ એવો અભિપ્રાય આપ્યો છે કે, આરબીઆઈની પોલિસી સમીક્ષામાં ઈરાક, સિરિયા, યુક્રેનની પરિસ્થિતિને પણ ધ્યાનમાં લેવામાં આવશે.

ત્રીજી જૂનના દિવસે છેલ્લી પોલિસી સમીક્ષામાં આરબીઆઈએ ચાવીરુપ રેટને યથાવત રાખ્યા હતા. સતત બીજી વખત વ્યાજદર યથાવત રાખવામાં આવ્યા બાદ પરંતુ આ વખતે વ્યાજદરમાં આંશિક ઘટાડો થવાની શક્યતા દેખાઈ રહી છે. રિઝર્વ બેંક વિકાસની પ્રક્રિયાને આગળ વધારવા માટે સજ્જ છે. સીઈઓ અને સીએફઓ સાથે સંકળાયેલા કોર્પોરેટ લીડરો પૈકીના ૭૩ ટકા લીડરોનું કહેવું છે કે, આરબીઆઈ બેંચમાર્ક વ્યાજદરમાં જંગી કાપ મુકશે નહીં પરંતુ ઉદ્યોગ જગતની માંગણીને ધ્યાનમાં લઈને નજીવા સુધારા કરી શકે છે. ફુગાવાને લઈને હજુ પણ વધારે વિકલ્પ દેખાઈ રહ્યા નથી. કોર્પોરેટ લીડરો નક્કરપણે માને છે કે, ઈરાક, સિરિયા અને યુક્રેનમાં ભૌગોલિક અને રાજકીય પરિસ્થિતિ તંગદિલીપૂર્ણ બનેલી છે જેના લીધે વધારે અપેક્ષા કરવી યોગ્ય રહેશે નહીં.

## કોસી નદીમાં ૨૦૦૮ જેવું પુર આવે તેવી દહેશત

**બિહારમાં પુરના ભય વચ્ચે હજારો નાગરિકોનું સુરક્ષિત રીતે સ્થળાંતર**

પટણા,તા. ૩

બિહારમાં કોશી નદીમાં પાણીની સપાટી આજે ચિંતાજનક રીતે વધી હતી. જેના પરિણામ સ્વરુપે બિહારમાં ૨૦૦૮ના પુર જેવી સ્થિતિનું નિર્માણ થશે તેવી દહેશતના લીધે હજારો લોકો સ્થળાંતર કરી ગયા છે. લોકોમાં ભારે દહેશત ફેલાઈ ગઈ છે. કોશી નદીમાં પાણીની સપાટી સતત વધી રહી છે. સેકડો લોકો ઉંચાણવાળા વિસ્તારોમાં આશરો લેવા પહોંચી ગયા છે. રાજ્ય સરકારે સાવચેતીના પગલારુપે ૨૫૦૦૦થી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડી દીધા છે. પટણાથી પ્રાપ્ત અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, નેપાળમાં શનિવારના દિવસે ભેખડ ધસી પડવાના કારણે પાણીની સપાટી સતત વધી રહી છે. કોશી નદીની વચ્ચે ભેખડો પડતા આ દુવિધા ઉભી થઈ છે. હજારો લોકો તેમના મકાન છોડીને અન્યત્ર જતા



રહ્યા છે. સરકારે શૌપોલ, સહરસા, મધુબાની, પૂર્ણિયા, ખાગરિયા અને માધેપુર જિલ્લામાં પુર જેવી સ્થિતિ અંગે એલર્ટની જાહેરાત કરવામાં આવ્યા બાદ હજારો લોક સ્થળાંતર કરી ગયા છે. કોશી પ્રદેશના આ જિલ્લાઓમાં સાવચેતીના પગલા લેવાઈ રહ્યા છે. જળસંશાધન પ્રધાન વિજયકુમાર ચૌધરીએ માહિતી આપતા કહ્યું છે કે, શૌપોલ, સહરસા અને માધેપુરામાં કિનારાના વિસ્તાર અને ઉંચાણવાળા વિસ્તારોમાં લોકો પહોંચી ગયા છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ ડિપાર્ટમેન્ટ માટેના મુખ્ય સચિવનું કહેવું છે કે, ખસેડવામાં આવેલા લોકોને રાહત કેમ્પોમાં મુકવામાં આવ્યા છે. રાજ્ય સરકારની સંસ્થાઓ કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે સજ્જ છે. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની આઠ ટીમો અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ત્રણ ટીમો કોઈપણ ઈમરજન્સીને પહોંચવા માટે તૈયાર છે. બિહારના આઠ જિલ્લાઓમાં ૧.૫ લાખ લોકોને ખસેડવાની કામગીરી ચાલી રહી છે.

## દિલ્હીમાં ત્રણ નવી જેલો બનાવવાની તૈયારી શરૂ

નવી દિલ્હી,તા. ૩

આ વર્ષે દિલ્હીમાં વધુ એક નવી જેલ બનાવવામાં આવનાર છે જ્યારે ૨૦૧૫ સુધી વધુ બે જેલ બનાવવામાં આવશે. તિહાર જેલમાં વધારે પડતા કેદીઓની સંખ્યા હોવાના કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. તિહાર જેલ ઉપરાંત હવે વધુ ત્રણ જેલ બનાવવામાં આવશે જે રાષ્ટ્રીય પાટનગરના મંડોલી, નારેલા અને બાપરોલા વિસ્તારમાં બનાવવામાં આવશે. તિહાર જેલે વિશ્વની સૌથી મોટી જેલ તરીકે ગણવામાં આવે છે.

તિહાર જેલમાં હાલમાં ૧૩ હજાર કેદીઓ છે જ્યારે મંજુર કરવામાં આવેલી કેદીઓની ક્ષમતા ૬૨૫૦ છે. તિહાર જેલના પીઆરઓ સુનિલ ગુપ્તાએ કહ્યું છે કે, ત્રણ નવી જેલના નિર્માણની પ્રક્રિયા હાથ ધરવામાં આવી ચુકી છે. મંડોલી, નારેલા અને બાપરોલા વિસ્તારમાં આ ત્રણ જેલ બનાવવામાં આવશે જેના લીધે તિહાર જેલમાં કેદીઓની સંખ્યા ઘટી જશે. રોહિણીમાં પણ એક જેલ છે જ્યારે ૨૦૦૦ કેદીઓ છે. મંડોલી ખાતેની જેલનું નિર્માણ કામ આ વર્ષના અંત સુધી પરિપૂર્ણ કરી લેવામાં આવશે જ્યારે અન્ય બે જેલનું નિર્માણ કામ આગામી વર્ષ સુધી પરિપૂર્ણ કરાશે. પૂર્વીય દિલ્હીમાં મંડોલી ખાતે જેલનું નિર્માણ થયા બાદ તેમાં ૩૭૭૬ કેદીઓ રહી શકશે. જેલ સંકુલ ૬૮ એકર જમીનમાં રહેશે. સીસીટીવી, ઓપ્ટિકલ ફાઈબર કેબલ નેટવર્ક પણ ગોઠવાશે.

## ચીન : પ્લાન્ટ બ્લાસ્ટમાં મૃતાંક વધી ૭૦, સુરક્ષાને લઈ પ્રશ્નો

**ચીનમાં ઇન્ડસ્ટ્રીઝ સેફ્ટી રેકોર્ડ ખુબ નિરાશાજનક હોવાનો દાવો : કંપનીઓ દ્વારા નાણાં બચાવવા સુરક્ષા સાથે છેડા**

બેઈજિંગ,તા. ૩

ચીનમાં તાઈવાનનુ રોકાણ ધરાવતી કાર પાર્ટસ ફેક્ટરીમાં શનિવારના દિવસે થયેલા પ્રચંડ બ્લાસ્ટમાં મોતનો આંકડો આજે વધીને ૭૦ ઉપર પહોંચી ગયો હતો. બીજી બાજુ ચીનમાં રહેલા લેબર સંગઠનોએ હવે સુરક્ષા પગલાને લઈને નવા પ્રશ્નો ઉઠાવીને ચીનની ફેક્ટરીઓ સામે નવી સમસ્યા ઉભી કરી છે. ચીન પહેલાથી ઈન્ડસ્ટ્રીઝ સેફ્ટી રેકોર્ડને લઈને ખુબ ઉદાસીન છે. વારંવાર આ પ્રકારના બ્લાસ્ટ પ્લાન્ટમાં થાય છે. ચીની કંપનીઓ અને અન્યો નાણાં બચાવવા માટે સુરક્ષા સાથે સંબંધિત ધારાધોરણ સાથે ચેડા કરે છે. જેથી વારંવાર આવા બનાવોમાં લેબરના મોત થાય છે. અમેરિકા સ્થિત ચાઈના લેબર વોચે કહ્યું છે કે યોગ્ય સુરક્ષા પગલાતી આવા બનાવોને ટાળી શકાય છે. વેન્ટીલેશન સિસ્ટમ જેવા સુરક્ષા પગલા જરૂરી બન્યા છે. વર્કરોના અધિકાર માટે કામ કરતી આ સંસ્થાએ કહ્યું છે કે સેફ્ટીના નિયમો નહી હોવાથી આ બનાવ બન્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચીનના જિંઅંગ્સુ પ્રાંતના કુન્શાન શહેરમાં સ્થિત એક ફેક્ટરીમાં પ્રચંડ બ્લાસ્ટ થયો હતો. શંઘાઈની નજીક કુન્શાહ શહેરમાં એક ફેક્ટરીમાં બ્લાસ્ટ થયો હતો. વિસ્ફોટના કારણોમાં તપાસ ચાલી રહી છે. ઘાયલ થયેલા લોકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ બ્લાસ્ટ ગઈકાલે સવારે ૭.૩૦ વાગે થયો હતો. જે ફેક્ટરીમાં બ્લાસ્ટ થયો હતો તે ફેકટરીમાં ૪૫૦ વર્કરો કામ કરી રહ્યા હતા. આ કંપની સાથે જનરલ મોટર્સ અને અમેરિકી અન્ય કંપનીઓ પણ જોડાયેલી છે. સીટી ટીવી મારફતે તપાસ કરવામાં આવી રહી છે. બ્લાસ્ટ થયો ત્યારે સાઈટ ખાતે ૨૦૦ વર્કરો કામ કરી રહ્યા હતા. ૪૦ના ઘટનાસ્થળે જ મોત થયા હતા. તાજેતરના દિવસોમાં વિશ્વના દેશોમાં વિસ્ફોટ અને અન્ય અનેક પ્રકારની ઘટના વધારે બની છે. તાઈવાનમાં ગઈકાલે શ્રેણીબદ્ધ ગેસ વિસ્ફોટતી હચમચી ઉઠ્યું હતુ. આ વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૨૦ લોકોના મોત થયા હતા અને ૨૭૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.ચીનમાં પ્લાન્ટમાં બ્લાસ્ટ સંબંધમાં કંપનીના બે અધિકારીઓની ધરપકડ કરવામાં આવી છે.

## પોલીસમાં ૩૩ ટકા મહિલા અનામતનો રાજ્યોને હુકમ

**મહિલા અને બાળ વિકાસ પ્રધાન મેનકા ગાંધીએ તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓને પત્ર લખીને સ્પષ્ટ સૂચના આપી**

નવીદિલ્હી,તા. ૩

ગુજરાત સરકારથી પ્રેરણા લઈને કેન્દ્ર સરકારે તમામ પોલીસ ફોર્સમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની વ્યવસ્થા કરવા તમામ રાજ્યોને આજે સૂચના આપી હતી. મહિલા અને બાળ વિકાસ પ્રધાન મેનકા ગાંધીએ તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓને પત્ર લખીને ગુજરાતમાં હાલમાં જ લેવામાં આવેલા નિર્ણયથી પ્રેરણા લઈને આગળ વધવા અપીલ કરી છે. પોલીસ ફોર્સમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતના નિર્ણયને અમલી કરવા ગુજરાત સરકારે હાલમાં જ નિર્ણય કર્યો છે. મેનકા ગાંધીએ કહ્યું હતું કે, દરેક રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખીને જાણ કરવામાં આવી છે. ગયા મહિનામાં જ ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે જાહેરાત કરી હતી કે, તેમની સરકાર પોલીસ ફોર્સમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતને અપીલ બનાવશે. મહિલાઓને વધુ સત્તાઓ આપવાના હેતુસર આ નિર્ણય લેવામાં આવ્યો હતો. મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના અધિકારીઓએ કહ્યું છે કે, તેઓ મહિલા ફોર્સમાં સંખ્યા વધારવા વિચારી રહ્યા છે. કારણ કે આનાથી ફરિયાદ નોંધાવવા ભોગ બનેલી મહિલાઓને પ્રોત્સાહન મળશે. સાથે સાથે યોગ્ય તપાસમાં પણ મદદ મળશે. મહિલા અને બાળકોના કલ્યાણની ખાતરી કરવા માટે સરકાર કટિબદ્ધ છે. દેશભરમાં બાળ વિકાસની સ્કીમોને અસરકારકરીતે અમલી બનાવવા તેમાં રહેલી ખામીઓ દૂર કરવામાં આવી રહી છે. પ્રધાને કહ્યું હતું કે, સરકાર ખુબ જ સાવધાનીપૂર્વક અગાઉની જોગવાઈઓમાં સુધારો કરવા માંગે છે. સ્થાનિક હિંસાથી મહિલાને રક્ષણ મળે તેવા પ્રયાસ થઈ રહ્યા છે. પોતાની પ્રાથમિકતા રજૂ કરતા ગાંધીએ કહ્યું હતું કે, તેમનું મંત્રાલય નેશનલ કમિટિ ઓફ વુમનને રાષ્ટ્રીય માનવઅધિકાર પંચની જેમ બનાવી દેવા માંગે છે. રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ દ્વારા મહિલાઓની સતામણી અને હિંસાના કેસો યોગ્ય રીતે હાથ ધરે છે. દરખાસ્ત મુજબ એનસીડબલ્યુ દ્વારા જારી કરવામાં આવેલા સમન્સની અવગણનાની સ્થિતિમાં જેલની સજાની જોગવાઈ કરવામાં આવશે.

## સસ્પેન્સ વચ્ચે વીરભદ્રની સોનિયા ગાંધી સાથે મંત્રણા

સિમલા,તા. ૩

હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી વીરભદ્રસિંહ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીને મળ્યા બાદ તર્કવિતર્કોનો દોર ચાલી રહ્યો છે. રાજકીય સમીકરણો બદલાવવાના સંકેત વચ્ચે આ વાતચીત યોજાઈ હતી. વીરભદ્રસિંહે રાજ્યમાં કોંગ્રેસ સરકારને મજબૂત કરવા માટે લેવામાં આવી રહેલા પગલા અંગે પણ માહિતી આપી હતી. સૂત્રોના કહેવા મુજબ વીરભદ્રસિંહે રાજ્યમાં એક માત્ર ખાલી કેબિનેટ જગ્યા ભરવાના મુદ્દા ઉપર પણ વાતચીત કરી હોવાનું જાણવા મળ્યું છે. શુક્રવારના દિવસે પરિવહન પ્રધાન જીએસ બાલી સોનિયા ગાંધીને મળ્યા હતા. વીરભદ્રસિંહથી કોંગ્રેસના ઘણા નેતાઓ નાખુશ દેખાઈ રહ્યા છે. આવી સ્થિતિમાં આ વાતચીત મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. રાજ્ય સાથે સંબંધિત મામલાઓમાં બિનજરૂરીરીતે પાર્ટી હાઈકમાન્ડ દરમિયાનગીરી કરશે નહીં તેવી ખાતરી સોનિયા ગાંધીએ આપી હોવાનું જાણવા મળ્યું છે.

## સમાચાર ઝલક

- અમદાવાદ વિમાની મથકે બે કિલો સોના સાથે બે ઝડપાયા.
- થાણેમાં હજારો કિલો પાકા ટામેટા ચોરાયા.
- પૂના નજીકના મલીન ગામમાં ભૂસ્ખલનમાં ૯૦ વ્યકિતઓના શબ મળ્યા.
- ગ્લાસગોમાં કોમનવેલ્થ ગેમ્સ સમયે બે ભારતીય અધિકારીઓની છેડતી મામલે અટકાયત કરાઈ.
- ઈબોલા બિમારીએ અમેરિકાને ઝપટમાં લીધું. ૧૦ લાખ લોકોને અત્યાર સુધી અસર થઈ છે.
- નેપાળમાં ભારે વરસાદથી બિહારની નદીઓમાં સંકેટ ઘેરાયું તંત્ર સચેત.
- મહેસાણા જિલ્લાના સામેત્રા ગામે મહિલા તલાટીને પુરી દેવાતાં મામલો ગંભીર બન્યો.
- વિરમગામની પોલીસ ૩ લાખની લાંચ લેતાં ઝડપાયા.
- ગુજરાતમાં સરેરાશ વરસાદ ૫૦ ટકા થયો હોવાના અહેવાલ.
- આંદામાન ટાપુ પર ૪ની તીવ્રતાવાળો ભુકંપ નોંધાયો.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુરક્ષા અને મીડીયા સ્ટાફમાં ઘડાયો કર્યો.
- હિંમતનગરમાં ટેટની પરીક્ષાનું પેપર બહાર ફરતું થતાં લોકોમાં રોષ.
- અમદાવાદ આરટીઓ કચેરીમાં ભારે હોબાળો મચ્યો : લોકોમાં તીવ્ર રોષ

## અક્ષય કુમારને લઇ પ્રભુ દેવા ફરી ફિલ્મ બનાવશે

મુંબઈ, તા.૩

અક્ષય કુમારને લઈને પ્રભુ દેવા નવી ફિલ્મ બનાવવા માટે ઈચ્છુક છે. આ અંગેની વધુ માહિતી ટુંક સમયમાં જાહેર કરાય તેવી વકી છે. પ્રભુ દેવા વર્ષ ૨૦૧૨માં રાવડી રાઠોડ બાદ ફરી એકવાર ભેગા થવા જઈ રહ્યા છે. પ્રભુ દેવા દ્વારા નિર્દેશિત ફિલ્મમાં અક્ષય કુમાર ફરી એકવાર ભૂમિકા અદા




કરશે. ૨૦૧૨માં રાવડી રાઠોડ ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી. અશ્વિની યાર્ડી સાથે સહસ્થાપિત ગ્રેજીંગ ગોટ પિંક્ચરના બેનર હેઠળ નવી ફિલ્મ બનાવવામાં આવી રહી છે. આ ફિલ્મમાં અક્ષયકુમાર મુખ્ય ભૂમિકા અદા કરનાર છે. અક્ષય કુમાર પ્રભુ દેવા સાથે ફરી એકવાર કામ કરવાને લઈને ખૂબ જ ઉત્સાહિત છે. આ પ્રોજેક્ટ ટૂંકમાં જ આગળ વધશે. અભિનેતા અને નિર્દેશક તરીકે તેમની વચ્ચે કેમેસ્ટી ખૂબ જ શાનદાર રહી છે. ફિલ્મમાં અભિનેત્રી તરીકેની શોધખોળ ચાલી રહી છે. અક્ષય કુમારે પણ વિતેલા વર્ષોમાં ઓ માય ગોડ ફિલ્મ બનાવી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર ધૂમ મચાવી ગઈ હતી. અક્ષયકુમારની રાવડી રાઠોડ ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર ધૂમ મચાવી ગઈ હતી અને આ ફિલ્મના ગીતો પણ લોકપ્રિય થયા હતા. મસાલા ફિલ્મો માટે જાણીતા અને એક્શન ફિલ્મો મારફતે લોકપ્રિયતા મેળવનાર પ્રભુ દેવાની ફિલ્મમાં કામ કરવાની તક મળતાં અક્ષય કુમાર ખૂબ જ ખુશ છે અને આ ફિલમનું શૂટિંગ હવે ટૂંક સમયમાં જ શરૂ થશે.

**તિરૂમાલા મંદિરનું બેંકોમાં જમા સોનુ ૫૦૦૦ કિલો**

## બાલાજી મંદિરે ૧,૮૦૦ કિલો સોનું એસબીઆઈમાં જમા કર્યું

તિરૂપતિ,તા. ૩

તિરુમાલામાં વિશ્વપ્રસિદ્ધ ભગવાન વેંકટેશ્વરના મંદિરમાં શ્રદ્ધાળુઓ દ્વારા દાન સ્વરુપે આપવામાં આવેલા ૧૮૦૦ કિલો સોનાના જથ્થાને બાલાજી મંદિર દ્વારા એસબીઆઈ બેંકમાં જમા કરવામાં આવ્યું છે. આની સાથે જ જુદી જુદી બેંકોમાં તેના દ્વારા જમા કરવામાં આવેલું સોનું ૫૦૦૦ કિલો થઈ ગયું છે. અતિ સમૃદ્ધ મંદિરમાં જવાબદારી સંભાળના તિરુમાલા તિરૂપતિ દેવાસ્થાનમ (ટીટીડી)ના કારોબારી અધિકારી એમજી ગોપાલે કહ્યું છે કે, તેઓએ એસબીઆઈના ચેરમેન અરૂંધતિ ભટ્ટાચાર્યને આ સોનુ ટીટીડી હેડક્વાર્ટર્સ ખાતે સોંપી દીધું છે. છેલ્લા બે વર્ષના ગાળામાં મંદિર દ્વારા કિંમતી સોનાનો પ્રથમ જથ્થો જમા કરવામાં આવ્યો છે. એક ટકાના વ્યાજદરે પાંચ વર્ષના ગાળા માટે એસબીઆઈ ગોલ્ડ સ્કીમ હેઠળ પહાડી મંદિરમાં શ્રદ્ધાળુઓ દ્વારા આપવામાં આવેલું સોનુ જમા કરવામાં આવ્યું છે. પત્રકારો સાથે



વાતચીત કરતા કારોબારી અધિકારીએ કહ્યું હતું કે, એક ટકા વ્યાજદરનો મતલબ એ થયો કે, પ્રતિવર્ષે વધુ ૧૨ કિલો સોનું થઈ જશે. તેમણે કહ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં ટીટીડી દ્વારા કોઈ સોનું જમા કરવામાં આવ્યું ન હતું. કારણ કે, આરબીઆઈ દ્વારા નિયંત્રણો લાગૂ કરવામાં આવ્યા બાદ સોનું સ્વીકારવા બેંકોએ બંધ કરી દીધું હતું. જુદી જુદી બેંકો સાથે વાતચીત કર્યા બાદ એસબીઆઈ એવી પ્રથમ બેંક બની ગઈ હતી જે બેંકે સોનાને સ્વીકારવા માટે આગળ આવી હતી. પ્રતિ વાર્ષિક એક ટકા વ્યાજદર સાથે આ સોનું સ્વીકારવામાં આવ્યું હતું. ભટ્ટાચાર્યએ કહ્યું હતું કે, પ્રમાણની દૃષ્ટિએ સમગ્ર દેશમાં બેંક સમક્ષ જમા કરવામાં આવેલું એક વખતનું આ સૌથી જંગી જથ્થો છે. સોના જમા કરવા ઉપર વ્યાજ ટીટીડીને દર વર્ષે ૧૨ કિલો સોનુ થાય તેટલું રહેશે. પાંચ વર્ષના ગાળામાં ૬૦ કિલોગ્રામ સોનું થઈ જશે. ૨૦૧૦ બાદથી સોના જમા કરવાની પાકતી મુદત પર ટીટીડી જે વ્યાજદર મળે છે તેને સોનામાં બદલી નાંખે છે. આજના જંગી જથ્થા સાથે ટીટીડી ગોલ્ડ ડિપોઝિટ હેઠળ ૪૩૩૫ કિલો સોનુ ધરાવે છે.

## જાપાનમાં ૬ની તીવ્રતા સાથે ફરી પ્રચંડ ભૂંકપ

ટોકિયો,તા. ૩

જાપાનના ઓકિનાવા દ્ધિપ પર આજે સવારે પ્રચંડ ભૂંકપનો આંચકો નોંધાયો હતો. પેસિફિક સુનામી વોર્નિંગ સેન્ટર દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી હતી. જો કે આના કારમે નુકસાન ટળી ગયુ ંહતુ. પ્રચંડ ધરતીકંપ છતાં સુનામીની કોઇ ચેતવણી જારી કરવામાં આવી ન હતી. જો કે લોકોમાં દહેશત ફેલાઇ ગઇ હતી. ઉત્તરપૂર્વીય ઓકિનાવાના ।પાટનગર શહેરમાં આંચકો આવ્યો હતો. વિશ્વમાં સૌથી વધુ ભૂંકપ પ્રભાવિત ક્ષેત્ર તરીકે આને ગણવામાં આવે છે. જાપાનમાં સૌથી વધુ આંચકા દુનિયાભરમાં નોંધાય છે. થોડાક વર્ષો પહેલા વિનાશકારી સુનામીમાં મોટી ખુવારી થઇ હતી.